Vol. 7, Issue: 12, December: 2019 (IJRSML) ISSN: 2321 - 2853

# લોકવાર્તા લોકકથા અને દંતકથામાં સામ્યતા અને વૈષમ્યતા

ડૉ. રાકેશ રાવત

લોકવાર્તા ( Folk-tale) કંઠસ્થ લોકસાહિત્યનું ઘણુ લોકાપ્રિય અને પ્રચલિત ગદ્યસ્વરૂપ છે. તેમાં સમકાલીન યા નજીકના ભૂતકાળના ગ્રામજીવન – લોકજીવનની વિવિધ બાજુઓનું સીધી સરળ તળપદી બોલીમાં સંક્ષેપમાં છતાં સચોટતાપૂર્વક, નિરૂપણ થાય છે. તે આબાલ – વૃદ્ધ સૌ કોઈને ગમી જાય તેવી હોય છે. આવી ઘણી લોક – વાર્તાઓ હરગોવિંદદાસ કાંટાવાળાએ ‘ ટચૂકડી સો વાતો’ નાં પુસ્તકોમાં અને ગિજુભાઈએ ‘ બાળવાર્તા’નાં પુસ્તકોમાં સંગ્રહી છે. તે ટુચકા કરતાં લાંબી હોય છે; પરંતુ પંદર – વિસ મિનિડ કરતાં વધુ ચાલે તેડલી લાંબી તો ભાગ્યે જ હોય છે. તેમાં ગ્રામીણ પરિવેશમાં ગામડામાં વસતી અઢારે વરણનાં માનવી પાત્રો તરીકે રજૂ થાય છે. તેમાં વસ્તુ, પાત્ર વાતાવરણ કઇક વિગતે નિરૂપાય છે. સ્વાભાવિક તેમ સચોટ લાગે તેવા મંવાદો પણ યોજાય છે; વરણનમાં જીવંત કથનાત્મક લઢણો, રવાનુકારી શબ્દો અને લઘુ છતાં સુરેખ શબ્દચિત્રો યોજાય છે. મનોરંજન આ લોકવાર્તાઓનું લક્ષ્ય કોય છે, પરંતુ અનેકવાર પરોક્ષરૂપમાં તેમાંથી જીવનોપયોગી કશાક – જ્ઞાન – બોધ યા શિખામણ પણ મળતાં હોય છે. સારા મનુષ્યને સુફળ મળે અને નઠરાને સજા, એવો સૂર ઘણી લોક – વાર્તાઓમાંથી સંભળાતો રહે છે. ઘનીખરી લોકવાર્તાઓ હળવી અને સુખાન્ત હોય છે; પરંતુ કેડલીકવાર તે ગંભીર અને કોઈવાર કરુણાન્ત પણ હોય છે. કોઈમાં અનુભવજન્ય વ્યવહાર આલેખાય છે; કોઈમાં કશીક ચાતુરી દર્શાવાય છે; કોઈમાં રંગીન કલ્પના નિરૂપાય છે; કોઈમાં કશીક તરંગલીલા પણ યોજાય છે. ઘણીખરી લોકવાર્તાઓમાં અનુભવ, નિરીક્ષણ, કલ્પના, ચાતુરી, તરંગલીલાનું ઓછુંવત્તું સંમિશ્રણ હોય છે. તેમાં હાસ્યકથાઓની સાથોસાથ પ્રેમકથાઓ, વીરકથાઓ, ચાતુરી – કથાઓ, વીતક્કથાઓ, પરીકથાઓ, પશુપંખીકથાઓ , લોકવ્રત (દેવ – દેવી મહિમા દર્શાવતી) કથાઓ જોવા મળે છે. ગ્રામપ્રદેશની સમગ્ર વસ્તીનું અને વ્યવહાર – આદર્શનું તેમાં પ્રતિબિંબ પડે છે. તેમાં રાજા – રાણી, કુંવર – કુંવરી ઠાકોર, પ્રધાન, સેનાપતિ, ગરાસિયા આવે છે; અને બ્રાહ્મણ, વાણિયા, જોગી – જતિ – બાવા, કણબી, કોળી, કુંભાર, માળી, મોચી, ઘાંચી, સઈ, સુથાર, ભાડ, બજાણિયા, ઢેડ-ભંગી, સિપાઈ મિયાં પણ આવે છે. ગાય, ઘોડો શિયાળ, નાગ, મગર, ચકલી,મોર, પોપટ કાગડો, હંસ જેવાં માનવેતર પશુ-પંખી પાત્રો તેમાં આવે છે; અને દેવ–દેવી, અપ્સરા – પરી, રાક્ષસ, ભૂત – પ્રેત, ડાકણ જેવાં અ – લૌકિક પાત્રો પણ આવે છે. તેમાં કોઈવાર ઝાડ – છોડ પણ પાત્રો તરીકે નિરૂપાય છે. પરંતુ આ બધાં પાત્રો તળપદા ગ્રામીણ સંસ્કારોથી ઓછાં – વત્તાં રંગાયેલાં હોય છે; અને તેમનાં વિચાર–વાણી–વ્યવહારના સ્તરમાં કે સભ્યતામાં ઊંચ – નીચનો ઝાઝો ભેદ દેખાતો નથી. રૂપાંતરે તેમાં સમકાલીન ગ્રામજીવન અને ગ્રામજનોનું તેમજ ગ્રામીણ પ્રકુતિક પરિવેશનું જ પ્રતિબિંબિ ઝિલાય છે. ઘણી ખરી વાર્તાઓના નાયક ગ્રામવાસી કુષક, પશુપાલક શ્રમિક હોય છે. કેડલીક વાર તેમાં રાજા, રાજકુમાર, પ્રધાન વગેરે પણ નાયક તરીકે રજૂ થાય છે; પરંતુ તેઓય તત્ત્વત: ગ્રામીણ હોય છે. ભૂતકાળનાં સ્થળ – કાળનાં વસ્તુ –પાત્ર નિરૂપતી લોકવાર્તાઓમાં પણ રૂપાંતરે સમકાલીન ગ્રામજીવનનું જ આલેખન થાય છે. તેમાં નિરૂપિત રાજા, રાણી, કુંવર, પ્રધાન, સેનાપતિ બધાં જ કલ્પિત ઐતિહાસિક નહિ, એમ વાર્તાકથક અને શ્રોતાજન સૌ

કોઈ માનતાં હોય છે. આમ છતાં, આ લોકવાર્તાઓમાં ગ્રામજીવનનું અને ગ્રામજનોનું પરિચિત અને આત્મીય લાગે તેવું નિરૂપણ થતું હોવાથી, તે આબાલ – વૃદ્ધ સૌ કોઈને સાંભળવી ગમે છે. તેમાંથી ઘણી ગ્રંથસ્થ પણ થઈ છે. હરગોવિંદદાસ કાંડાવાળા કૃત. 'ડચૂકડી સો વાતો' નાં પાંચ પુસ્તક અને ગિજુભાઈ કૃત 'બાળવાર્તા' નાં પાંચ પુસ્તકમાં આવી લોકવાર્તાના ઘણા નમૂના જોઈ શકાશે, જેવા કે – ભલા – ભોળા ભાઈને ઠગતી દગાખોર બહેનને મારી – ઠોકી સીધે રસ્તે લાવી દેતી ચમત્કારિક તુંબડીની કથા નિરૂપતી 'તડ તડ તુંબડી તડં તડા,' પોતાના પર ઉપકાર કરનાર કણબીને જ ખાઈ જવા ઈચ્છતા મગરને બરાબર પાઠ આપતા શિયાળની ચતુરાઈ વર્ણ વતી વાર્તા 'મગર અને કણબી', પિયરિયાંનો પક્ષ કરતી અને પતિની ભૂખે મરતી ગરીબ બહેનની ઉપેક્ષા કરતી પડલાણીને છેતરી બહેનને મદદ કરતા પડેલની ચતુરાઈ અને પોતાનાં પિયરિયાંને પણ પરાણે સંહાય કરાવતી પડલાણીની સવાઈ ચતુરાઈ દર્શાવતી ' લે રે હૈયા ભફ' વગેરે.

લોકકથા, વસ્તુ-શૈલી-નિરૂપણમાં લોકવાર્તાથી જુદી તરી આવે છે. તે લોકવાર્તાથી વધુ લાંબી હોય છે. તે હંમેશા ગંભીર અને અનેકવાર કરુણાન્ત હોય છે. તેમાં ભૂતકાળમાં ખરેખર થઈ ગયેલાં મનાતાં શૂરવીર, સાહસિક, પરોપકારી, સ્વાપર્ણશીલ, સ્વામીભક્ત, પ્રેમી, સંત, સતી વગેરે જેવાં સમાજના મધ્યમ યા નીચલા સ્તરનાં પણ કઈક અનોખાં અને ગુણે – કર્મે કરી મૂઠી ઊંચેરાં, માનવીઓની કથાઓ રજૂ થાય છે.

ભૂતકાળમાં ખરેખર થઈ ગયાં હોય (યા તેવાં ન પણ થયાં હોય) તો પણ તેમના વિશેની આ કથાઓમાં લોકોએ તેમની કલ્પનાનાં આદર્શ માનવીઓનાં ગુણ – કર્મનું ઘણું આરોપણ – ઉમેરણ કરી દીધું છે. પરિણામે તેમના વિશેની કથાઓ, જીવનચરિત્રો ન રહેતાં, લોકકથાઓ બની ગઈ છે. ચારણ – બારોડ જેવા વ્યવસાયી વાર્તા-કથકોએ તેમને રંગીન શૈલી-નિરૂપણના અવનવા વાઘા પહેરાવી, કથાનાત્મકા – નાડયાત્મક રૂપમાં બહેલાવીને, રજૂ કરી છે.

ઝવેરચંદ મેઘાણી, ગોકુલદાસ રાયપુરા, તારાચંદ અડાલજા વગેરે વગેરે લેખકોએ ચારણો – બારોડો પાસેથી સાંભળેલી આવી લોકકથાઓને ચારણી શૈલીમાં પણ અર્વાચીન ડુંકી વાર્તાના સ્વરૂપમાં નવેસરથી ઢાળી પોતાનાં પુસ્તકોમાં સંગુહીત કરી છે. નાદયાત્મક રજૂઆત, જોમભર્યાં જીવંત પાત્ર, માર્મિક વેધક સંવાદ, સુરેખ રંગીન વર્ણન અને તજજન્ય ઉત્કડ કરુણ, વીર, શુંગાર, અદભૂત રસથી આ કથાઓ હૃદયંગમ બની છે; દા. ત. મેઘાણી કૃત 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'સોરઠી બહાર – વડિયા' નાં પુસ્તકોમાં સંગ્રહાયેલી જાડો હલકારો, રા' નવઘણ, આઈ જસલ, ઘોડી ને ઘોડેસ્વાર, રાઠોડ ધાધલ, અભો સોરઠિયો, ઓળીપો દુશ્મનોની ખાનદાનની, દસ્તાવેજ, દીકરો, વેર, ભાઈબંધી, માંગડાવાળો, જોગીદાસ ખુમાણ વગેરે કથાઓ. પરંતુ કંઠસ્થ લોકકથાનું અસલ સ્વરૂપ તેમણે ગુમાવી દીધું છે. પુસ્તકો વાંચી શકતા નાનકડા શિંક્ષિત સમાજમાં તેમને સારો આવકાર મળ્યો છે, પણ બહોળા લોકસમાજમાં લોકવાર્તાઓના જેવો તેમનો વ્યાપક પ્રસાર –પ્રચાર થયો નથી. તેમના ગ્રંથસ્થ રૂપમાં તેમને લોકસાહિત્યની કુતિઓ તરીકે ગણવા અંગે તેમની સામે પ્રશ્નાર્થ ચિહન મૂકવું પડે.

દંતકથા ( Legend) લોકકથા કરતાં ઘણા વધુ પ્રાચીન કાળમાં થઈ ગયેલ મનાતાં અસાધારણ માનવીઓનાં અદભૂત રોમાંચક જીવન – કાર્યનું નિરૂપણ કરતી ગંભીર કથાઓ છે. રેમાં ઐતિહાસિકતાનો આભાસ હોય છે, જો કે લોકકલ્પનાના ઘેરા રંગો તેમાં

પુરાયા હોય છે. તમામ પ્રકારની લોકવાર્તાઓમાં તે સૌથી વધુ લાંબી હોય છે. તેમનાં નાયક યા નાયિકા સમાજના ઉપરના ભદ્ર વર્ગોમાંથી આવતા રાજા – રાણી, રાજકું વરો – કુંવરીઓ, પ્રધાનો, સામંતો, શાહ – સોદાગરો ( અથવા સમાજના નીચલા ઘરમાંથી આવતાં હોય તો ગુણે – કર્મે કરી ઉંચ્ચ કક્ષાના માનવીઓ) હોય છે. તેઓ ધર્મ, નીતિ, સદાચાર, ન્યાયને માર્ગે ચાલનાર શ્રધ્ધાળુ, પરોપકારી, સેવા પરાયણ, સ્વાર્પણશીલ ઉપરાંત વીર, નિર્ભીક, સાહસિક, ધૈર્યશીલ હોય છે. તેથી તેમને જીવનમાં, લક્ષ્યસિદ્ધિ માટે ઘણાં સંકડો સહેવાં પડતાં હોવા છતાં ઈશ્વર યા ઈષ્ટ દેવ કે દેવીની અથવા કોઈ જોગી-જાતિની કુપાથી, અંતે સફળતા મળે છે. તેથી સામાન્યત : દંતકથાઓ સુખાન્ત હોય છે. તેમાં નાયક પ્રેમ, શૌર્ય, સાહસ, પરોપકાર, સેવાથી પ્રેરાઈને અનેક આકરાં અને અદ્ભુત કર્યો કરે છે; અને અંતે ઈષ્ટ સિધ્ધિ મેળવે છે. દંતકથાઓમાં વીર, અદ્ભુત શુંગાર, કરુણ રસોનું મુખ્યત : નિરૂપણ થાય છે તેમાં મુખ્ય કથા સાથે અનેક આડકથાઓ પણ જોડાય છે. વિવિધ પ્રસંગો પરિસ્થિતિઓ, પાત્રો, કર્યોનું આલેખન કઈક વિહતે થાય છે. વિવિધ પ્રકારનાં સુરેખ વર્ણનોનું તેમાં સંયોજન થાય છે. તેમનાં શૈલી-નિરૂપણ લોકવાર્તા-લોકકથાથી વધુ સુઘડ હોય છે. તેમાં પ્રસંગોપાત્ર વચ્ચે દુહા-સોરઠા યા પઢો પણ યોજાય છે.

પ્રાચીન કાળથી આવી દંતકથાઓ એક યા બીજા રૂપમાં, લોકોમાં પ્રચલિત રહી છે; અને કાંઠોપક જળવાતી-ફેલાતી, અનેક પરિવર્ત નો પામતી, વર્તમાનકાળ સુધી ઊતરી આવી છે. વીર વિક્રમ, ભરથરી ગોપીચંદ, તેનાં ઉદાહરણ છે. ફરામજી બમનજી માસ્ટર દ્વારા સંપાદિત 'ગુજરાત કાઠિયાવાડ દેશની વારતાઓ,' મેઘાણી દ્વારા સંપાદિત 'દાદા-જીની વાતો''રંગ છે બારોડ વગેરે પુસ્તકોમાં સંગ્રહિત મનસાગરો, વિક્રમ અને વિધાતા, વિક્રમ અને ખાપરો, વિક્રમ અને પ્રભાત ચાવડો, જનમના જોગી (ભરથરી) ચંદણ મેણાંગરી આવી દંતકથાઓ છે. આ દંતકથાઓ તેમના મૌખિક રૂપમાં કંઠસ્થ લોકસાહિત્યનો એક મહત્ત્વનો અંશ છે. પરંતુ ચરણો, બરોડો, મીરો, ભરથરી બાવાઓ વગેરે વ્યવસાયી વાર્તા-કથકોએ રસ જમાવડ અર્થે, વસ્તુ અને શૈલી- નિરૂપણ પરત્વે,તેમાં ઘણાં પરિવર્તન અને સંસ્કરણ કરી તેમને ઓછેવાત્તે અંશે શિષ્ટ કથાઓનું સ્વરૂપ આપી દીધું છે. તેથી ગ્રંથસ્થ થયેલ ઘણીખરી દંતકથાઓમાં તેમનું અસલ સ્વરૂપ ભાગ્યે જ જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**

1. લોકવારતા સ્વરૂપ વિમર્શ : ડો. પ્રાંજલિ પટેલ : પાર્શ્વ પ્રકાશન
2. લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર : ડો. હસુ યાજ્ઞિક : શિતલ પ્લાઝા
3. લોકસાહિત્ય વિજ્ઞાન : ડો. સત્યેંદ્ર : શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની